# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
# PRESS NOTE

14955

**Date: 16/12/2021**

**Sub: Gujarat Chamber of Commerce and Industry and District Industry Center, Ahmedabad organized a program informing about E-Shram Card scheme.**

Today, Members of Mahajan Sankalan (Local), Mahajan Sankalan (Outstation), Trade and S.M.A.R.T Committee of Gujarat Chamber of Commerce and Industry along with District Udyog Kendra, Ahmedabad organized an informative session about the 'E-Shram Card' scheme for registration of unorganized workers introduced by Central Government. The scheme covers a total of 385 occupations including salaried laborers, self-employed businessmen, domestic workers, retail laborers, hawkers, lorry owners, rickshaw pullers etc.

Gujarat Chamber has started an initiative to register about 150,000 e-Shramik cards across Gujarat with the help of the various Mahajans, Associations and Industrial Estates.

During the program, Mrs. Paulomi Parmar, Project Manager, District Industries Center, Ahmedabad gave in-depth information about the scheme to the members through a presentation and answered the queries of the members.

Members of Associations and Mahajans have shown readiness to set up a camp in their office / industrial area for this scheme in Ahmedabad as well as all over Gujarat and assured that their workers easily get e- shram card and GCCI & DIC will provide necessary support for the same.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly Incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendrakumar Trivedi**
**Secretary General**

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

## પ્રેસ નોંધ

14955

**તારીખ: 16/12/2021**

**વિષય: ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર , અમદાવાદ દ્વારા ઇ- શ્રમ કાર્ડ' યોજના ની માહિતી આપતા કાર્યક્રમનું આયોજન**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મહાજન સંકલન (લોકલ),મહાજન સંકલન (આઉટસ્ટેશન ), ટ્રેડ અને સ્માર્ટ કમિટીના સભ્યોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર , અમદાવાદ સાથે રહીને કેન્દ્ર સરકાર દ્વારા અસંગઠિત કામદારોની નોંધણી માટે શરૂ કરેલ 'ઇ- શ્રમ કાર્ડ' યોજના ની માહિતી આપતા કાર્યક્રમનું આયોજન તારીખ 16.12. 2021 ના રોજ જીસીસીઆઈ ખાતે કરવામાં આવ્યું હતું. આ યોજનામાં પગારદાર શ્રમયોગીઓ, સ્વરોજગાર કરતા ધંધાર્થીઓ, ઘરેલુ કામદારો, છૂટક મજૂરી કરતા કામદારો, ફેરિયાઓ, લારી ગલ્લા ધારકો, રીક્ષાચાલકો વગેરે મળી કુલ- ૩૮૫ વ્યવસાયોનો સમાવેશ કરેલ છે.

ગુજરાત ચેમ્બરએ ગુજરાતભરમાં 1,50,000 જેટલા ઈ- શ્રમ કાર્ડની નોંધણી કરાવવાની પહેલ શરૂ કરેલ છે જેમાં વિવિધ મહાજનો, એસોસિએશનો , ઔદ્યોગિક વસાહતો જોડાશે.

કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર , અમદાવાદના પ્રોજેક્ટ મેનેજર શ્રીમતી પૌલોમી પરમારે પ્રેઝન્ટેશન થકી સભ્યો ને આ યોજનાની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી અને સભ્યોના પ્રશ્નોના પ્રત્યુત્તર આપ્યા હતા.

એસોસિએશન અને વેપારી મંડળોએ અમદાવાદ તેમજ સમગ્ર ગુજરાતમાં આ યોજના માટે પોતાના મહાજન ની ઓફીસમાં/ઇન્ડસ્ટ્રીઅલ એરિયામાં કેમ્પ કરવાની તૈયારી બતાવી હતી અને પોતાના ત્યાં કામ કરતા ગુમાસ્તા તેમજ શ્રમિકોને એ કાર્ડ સરળતાથી મળી રહે તેવી બાંહેધરી આપી હતી જેમાં ગુજરાત ચેમ્બર અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી તેમને સંપૂર્ણ વ્યવસ્થાની મદદ પુરી પાડવામાં આવશે

---

તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર
ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ